# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 04-11-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# GANDHINAGAR SPIPA

ગાંધીનગરમાં 'વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત—શાસનની આવશ્યકતા' વિષય પર 'અટલ સંસ્મરણ વ્યાખ્યાનમાળા'નું ત્રીજું સત્ર યોજાયું. સામાન્ય વહીવટ વિભાગના વહીવટી સુધારણા અને તાલીમ પ્રભાગ અંતર્ગત ધી સેક્રેટરીએટના સહકારથી સરદાર પટેલ જાહેર વહીવટ સંસ્થા – સ્પીપા પરિસરમાં યોજાયેલા સત્રમાં વિકસિત ભારત 2047 હેઠળ અનેક મહત્વના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી.

આ પ્રસંગે મુખ્યવક્તા અને નીતિ આયોગના સભ્ય રાજીવ ગૌબાએ કહ્યું, ગુજરાત અન્ય ક્ષેત્રની જેમ શાસન અને સુધારામાં પણ સમગ્ર દેશમાં અગ્રેસર છે. કેન્દ્ર સરકારની પ્રેરણાથી લાંબાગાળાની વ્યૂહાત્મક વિચારસરણી માટે નીતિ આયોગ જેવી જ સંસ્થાઓ સ્થાપવામાં વિવિધ રાજ્યને પ્રોત્સાહિત કરાય છે. તેમાં ગુજરાતે પ્રથમ સ્થાને રહીને ગુજરાત રાજ્ય પરિવર્તન માટેની સંસ્થા – એટલે કે ગ્રીટની સ્થાપના કરી છે. ભારત સરકારના નવિનતમ ઉદ્યોગ પરિવર્તન કાર્ય આયોજન ક્રમાંકમાં ગુજરાત એકમાત્ર રાજ્ય હતું, જે ફાસ્ટ મૂવિંગ શ્રેણીમાં સ્થાન પામ્યું હોવાનું પણ શ્રી ગૌબાએ ઉમેર્યું

. . . . . . . . . . . . .

# CM MEETING GNR

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્યમાં કમોસમી વરસાદથી થયેલા નુકસાન સહાય અંગે બેઠક યોજાઈ. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર

પટેલના નિવાસસ્થાને યોજાયેલી બેઠકમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કૃષિમંત્રી જિતુ વાઘાણી સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# ARAVALLI SURVEY

અરવલ્લી જિલ્લામાં ખેતીવાડી વિભાગ દ્વારા પાક નુકસાનના સરવેની કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લામાં 82 જેટલા ગ્રામ સેવકની ટીમ બનાવીને સરવે કરવામાં આવી રહ્યો હોવાનું ખેતીવાડી અધિકારી પીબી પરમારે જણાવ્યું.

(બાઇટ : પી. બી. પરમાર, ખેતીવાડી અધિકારી)

. . . . . . . . . . . . .

# AMDAVAD BOOK FAIR

અમદાવાદમાં આગામી 13 તારીખથી આંતર-રાષ્ટ્રીય પુસ્તક મેળા 2025નો પ્રારંભ થશે. મહાનગરપાલિકા દ્વારા આગામી 23 તારીખ સુધી પાલડીમાં રિવરફ્રન્ટ ઇવેન્ટ સેન્ટર ખાતે આ મેળો યોજાશે. તેમાં રાષ્ટ્રીય સ્તરના ખ્યાતનામ વક્તાઓ ઉપસ્થિત રહેશે. આ સાથે જ મુલાકાતીઓ માટે લેખક મંચ, પ્રજ્ઞા શિબિર, જ્ઞાનગંગા, રંગમંચ, અભિકલ્પ સહિતના આકર્ષણ ઉપલબ્ધ રહેશે.

. . . . . . . . . . . . . .

# CM MORBI

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે મોરબીમાં દાદા ભગવાનની 118મી જન્મજયંતિ મહોત્સવમાં સહભાગી બન્યા. મહોત્સવના બીજા દિવસે તેમણે સીમંધર સ્વામી અને દાદા ભગવાનની આરતી ઉતારી સૌના કલ્યાણની કામના કરી. આ તકે શ્રી પટેલે આત્મજ્ઞાની દીપકભાઈને હાર પહેરાવી તેમના આશીર્વાદ લીધા હતા. શ્રી દીપકભાઈએ મુખ્યમંત્રીને દાદા ભગવાનના જીવન પર આધારિત જ્ઞાની પુરુષ પુસ્તક ભાગ-૬ અર્પણ કર્યું હતું.

. . . . . . . . . . . . . .

# DAMAN ELECTION

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં નગરપાલિકા અને પંચાયતની ચૂંટણી અંતર્ગત આવતીકાલે યોજાનારા મતદાનને લઈ ચૂંટણી વિભાગ દ્વારા તમામ તૈયારી પૂર્ણ કરી દેવામાં આવી છે. મતદાન સ્ટાફને ચૂંટણી સામગ્રી સાથે મતદાન મથક પર મોકલવામાં આવ્યા છે. દમણમાં કુલ 120 મતદાન મથક છે જેમાં પંચાયત વિસ્તારમાં 109 બુથ હોવાનું મદદનીશ ચૂંટણી અધિકારી આરતી અગ્રવાલે જણાવ્યું.

(બાઈટ :આરતી અગ્રવાલ (આસિસ્ટન્ટ રીટનીંગ અધિકારી)

ચૂંટણીને પગલે મતદાન પહેલા કોઈપણ અશાંતિ કે અરાજકતાને રોકવા માટે, પોલીસે વિવિધ વિસ્તારોમાં ફ્લેગ માર્ચ યોજી હતી.

. . . . . . . . . . . . . .

# MAHESANA SURVEY

મહેસાણા જિલ્લામાં કમોસમી વરસાદથી 68 હજાર હેક્ટરથી વધુના વાવેતરને નુકસાન થયાના અહેવાલ છે. જોકે, ખેતીવાડી વિભાગ દ્વારા હાલ નુકસાન અંગેની મોજણી એટલે કે, સરવે હાથ ધરાયો છે. જિલ્લામાં અત્યાર સુધીમાં 14 હજાર હેક્ટર જમીનનો સરવે પૂર્ણ થયો છે. ચાર હજારથી વધુ ખેડૂતોની ત્રણ હજાર 340 હેક્ટર જમીનમાં 33 ટકા કે તેથી વધુ નુકસાન થયું છે.

. . . . . . . . . . . . . .

# MSN DANGAR AAVAK

**મહેસાણામાં વરસાદે વિરામ લેતા કડી માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતો ડાંગર પાકના વેચાણ માટે આવી રહ્યા છે. યાર્ડમાં 225થી વધુ વાહનમાં અંદાજે છ હજારથી વધુ બોરીની આવક નોંધાઈ છે. ખેડૂતોને ડાંગરનો પ્રતિમણ 300થી 440 રૂપિયા સુધીનો ભાવ મળી રહ્યો છે. કમોસમી વરસાદના કારણે ચાર**

દિવસ હરાજીનું કામ બંધ હતું. જોકે, હવે રાબેતા મુજબ ફરી હરાજી શરૂ થઈ હોવાનું યાર્ડના સચિવ કમલેશ ત્રિવેદીએ જણાવ્યું.

. . . . . . . . . . . . . .